# દાહોદ જિલ્લાના દેવગઢબારીયા & ધાનપુર તાલુકામાં

# મનરેગા-મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર અંગે તપાસ રિપોર્ટ



**દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં મંત્રીના પુત્રોની એજન્સીઓના નામે અંદાજે રૂ .100 કરોડ કરતાં વધારે ભ્રષ્ટાચાર.**

**Report on Devgadhbaria scam- By Fact-finding Committee**

Gujarat Pradesh Congress Committee
"Rajiv Gandhi Bhavan" Sanskar Kendra Marg, Ellisbridge,
Ahmedabad – 380 006. Gujarat.



Scanned with OKEN Scanner

# પ્રસ્તાવના (Introduction)

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં દેવગઢ બારીઆ તાલુકાના કેટલાક ગામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે.એવી માહિતી મળેલ.તે બ્બતે પ્રદર્શ કોંગ્રેસ સમિતિ દ્વારા ગંભીર નોધ લીધેલ.
દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાનાકામોમાં મંત્રીના પુત્રોની એજન્સીઓના નામે અંદાજે રૂ. ૧૦૦ કરોડ કરતાં વધારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો મુદ્દો વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. મનરેગા યોજનાના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર અંગે તપાસ અને સ્થળ મુલાકાત માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માન. પ્રમુખશ્રી શકિતસિંહ ગોહિલની સૂચનાથી કોંગ્રેસ પક્ષ દ્રારા સંકલન કરી, ભ્રષ્ટાચાર અંગે તપાસ અને સ્થળ મુલાકાત કરી અને તે અંગેનો અહેવાલ તૈયાર કરવા વરિષ્ઠ આગેવાનોના પ્રતિનિધિ મંડળની રચના કરવામાં આવેલ તે પત્ર ધારાસભ્ય શ્રી શૈલેષ પરમાર દ્વારા પત્ર પાઠવી સદર પ્રતિનિધિ મંડળમાં

1. ડો. પ્રભાબેન તાવિયાડ (પૂર્વ સંસદસભ્ય)
2. શ્રી ગુલાબસિંહ ચૌહાણ (ધારાસભ્ય)
3. શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (પૂર્વ ધારાસભ્ય)
4. શ્રી નરેન્દ્ર રાવત (પ્રદેશ પ્રવક્તા) નો સમાવેશ થયો હતો.

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા,ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં આશરે 100 કરોડનો મનરેગામાં મંત્રીશ્રીના મળતિયાનો ભ્રષ્ટાચાર અંગે કોંગ્રેસ પક્ષનું વરિષ્ઠ પ્રતિનિધિ મંડળે કુઆ ગામ, ઢેલાણા ગામ અને નાડાતોડ ગામ ખાતે મનરેગાના કામો ફકત કાગળ પર થયા કર્યો કરોડોનો ભ્રષ્ટાચાર કરી સ્થળ સાઈટની તપાસ અને સ્થળ મુલાકાત કરી હતી. ઉકત પ્રતિનિધિ મંડળ સાથે જિલ્લા પ્રમુખ,દેવગઢબારિયા કોંગી પ્રમુખ શ્રી વિરલસિંહ ચૌહાણ, દેવગઢબારિયા તાલુકા પ્રમુખ દીપક ગોસ્વામી,કા.પ્રમુખ રાજેશ રાવલ,ગુજરાત પ્રદેશ સોશ્યલ મિડિયાના વાઈસ ચેરમેન અનુજ નગરશેઠ વિગેરે સાથે શ્હેર જિલ્લા ના આગેવાનો ઉપષ્ઠિત રહ્યા હતા.






Scanned with OKEN Scanner

## સ્થળ વિઝીટ: ગ્રામજનો,પાડોશના રહેવાસીઓ સાથે મુલાકાત: પ્રથમદર્શીય માહિતી

## (Site visit & Meeting with Villagers & Neighborhood residents)

**કોંગ્રેસના મોવડી મંડળના પ્રતિનિધિઓ દેવગઢબારિયા તાલુકા વિસ્તારનાં કુઆ, ઢેલાણા અને નાડાતોડ ગામની મુલાકાત લીધી અને ગામડાની અંદર ચકાસણી કરી તેમાં તે સ્થળ પર રસ્તા જોયા અને કામો પણ જોયા છે. નાગરિકોએ મળ્યા તેમની રજૂઆત સાંભળી હતી**

**કોગ્રેસના પ્રતિનિધિ મડળે લીધેલી મુલાકાતમાં દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ અને ધાનપુર તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામણી રોજગાર ગેરંટી યોજનામાં કેટલાક ગામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવા બાબતની જુદી-જુદી એફીડેવીટ સાથે મને મળેલ રજૂઆતોની નકલ આ સાથે સામેલ છે.જે એમએચટીવીની બાબત છે.**

**કોગ્રેસના પ્રતિનિધિ મડળે લીધેલી તપાસ અને સ્થળ મુલાકાતમાં ચોંકાવનારી બાબત એ હતી કે**

- **ગુજરાત સરકારના પંચાયત અને કૃષિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી** શ્રી **બચુભાઈ ખાબડ છે** અને તે વિષેની માહિતની ચકાસણી કરતાં ધારાસભ્યશ્રી બચુભાઈ ખાબડ પંચાયત મંત્રી હોવાથી તેની સત્તાનો દુરુપયોગ કરી અને સીધેસીધો તેમના પુત્રને ફાયદો કરેલ છે.આ એક જોવા જેવી વાત છે. આ બાબતે ઘણા પુરાવા પણ સામેલ છે .
  - દેવગઢ બારીઆ તાલુકામાં મહાત્માગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં માલસામાન શ્રઅને સંપૂર્ણ કામ પંચાયત મંત્રીશ્રી બચુભાઈ ખાબડના પુત્ર કિરણભાઈ બચુભાઈ ખાબડની એજન્સી નામે શ્રી રાજ ટ્રેડર્સમાં રૂા. કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ માહિતી પુરાવા સાથે સ્થળ પર કામ નહી કરીને બારોબાર રૂપિયા ઉપાડેલ નરેગા યોજનામાં એ.પી.ઓ. તરીકે ફરજ બજાવતો દિલીપસિંહ તેમનો ભાણો થાય છે.તેવું પૂછતા માહિતી આપેલ.
- **સ્થાનિક તંત્ર અને કોન્ટ્રાકટરો ને માહિતી મળેલ કે કોગ્રેસનું પ્રતિનિધિ મંડળ તપાસ અર્થે આવવાનું છે તે બે દિવસમાં તમામ રસ્તાઓ પર અમુક અંતરે પીળા કલરના સિમેંટના નવા સાઈન બોર્ડ મનરેગા અને ગ્રામવિકાસ એજન્સીના નામે કામોની વિગત સાથે બનાવીને મૂક્યા હતા. જે તેઓએ કામ અહિયાં કર્યું છે તેવું બતાવવાનો નિરર્થક પ્રયાસ જણાતો હતો**
- મનરેગાના કામો ફક્ત કાગળ પર થયા હોય તેવું જણાતું હતું.
- **આખી વિઝિટ દરમિયાન જોવા મળ્યું કે રસ્તાઓ હતા જ નહિ ખાડાઓં અને મોટી ગાડીઓ માંડ માંડ ચાલી શકે તેવી ખરાબ પરિસ્થિતી હતી.**દેવગઢ બારીયાના 3 ગામોમાં રોડ બન્યા જ નથી અને બીલો મંજૂર કરી નાણાં ઉપાડી લેવાયા છે **તેવું જણાતું હતું**
- આ ત્રણે ગામોમાં આરસીસી રોડ બન્યા જ નથી. **આજની તારીખે આ ગામોમાં મોટા વાહન સિવાય કાર પણ જઈ શકે તેવી પરિસ્થિતિ નથી. કાચા રસ્તા ઉપર એટલા મોટા મોટા ખાડા છે કે જો પ્રસૂતાને લઈને નીકળે તો માર્ગ ઉપર જ પ્રસૂતિ થઈ જાય તેવી પરિસ્થિતિ છે. બીમાર અને સગર્ભા મહિલાઓ માટે આ રસ્તાઓ અવર જવર માટે અત્યંત ભયજનક હતા**
- **તે પણ ગાડીમાં બેઠા હોય તો કમરના શરીરના હાડકાઓ ને નુકશાન પહોચે તેમજ અને બીમાર વ્યક્તિ માટે અત્યંત ભયજનક થઈ શકે તેવા રસ્તા હતા.**



Scanned with OKEN Scanner

- ગ્રામજનો માટે આ રસ્તાઓ ચોક્કસ રીતે પીડાદાયક જણાતા હતા , ઘણા બધા રસ્તાઓ તો બનાવ્યા જ નહોતા તેવું જણાતું હતું

 

- દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના કુવા ગામે અંદાજીત ૧૭ કિ.મી. ઈના અને રેઢાણા ગામે અંદાજીત ૧૩ કિ.મી. લંબાઈના માટીમેટલ રસ્તા બનાવવા, ચેકડેમ બનાવવા, નહેર સુધારણા, હેન્ડપંપ, બોર વગેરેના કામો રાજ ટ્રેડર્સ, એન. જે. એન્ટરપ્રાઈઝ અને રાજ કન્ટ્રકશનને કામગીરી આપવામાં આવેલ હતી એ રેકોર્ડ પીઆર જોતાં હતું.
- આ કંપનીના માલિકો ભાજપના રાજકીય આગેવાન અને ઉચ્ચ પદ પર હોદ્દા ધરાવતાં હોવાથી સ્થળ પર કોઈ કામગીરી કર્યા વગર મનરેગા યોજના હેઠળ નાણા મેળવીને એક દેવગઢ બારીઆ તાલુકામાં અંદાજે ૧૦૦ કરોડનો ભ્રષ્ટાચાર/ ગેરરીતિ કરેલ છે.તેવું નાગરિકોને પૂછતા જણાવ્યુ હતું. તપાસ કરતાં જણાયું હતું કે દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ અને ધાનપુર તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામણી રોજગાર ગેરંટી યોજનામાં કેટલાક ગામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવા બાબતની જુદી-જુદી એફીડેવીટ સાથે મને મળેલ રજૂઆતો વ્યજબી અને સાચી હોય તે પરિસ્થિતી જોતાં જણાયું હતું.જેમાંથી અમુક વ્યક્તિઓને સમિતિના સભ્યો રૂબરૂ મળ્યા હતા।
- મનરેગા યોજના હેઠળ ગરીબ પરીવારના સભ્યોને રોજગારી મળે અને સ્થાનિક વિકાસના કામો થાય તે માટે ફાળવવામાં આવતાં નાણા સરકારમાં રાજકીય વગ ધરાવતાં વ્યક્તિઓના પરીવારજનો સ્થાનિક વહીવટી તંત્ર સાથે મળીને સ્થળ પર કામ કર્યા સીવાય નાણા મેળવીને મોટાપાયે ભ્રષ્ટાચાર/ગેરરીતિ કરે છે,તેવું સ્થાનિકો ધારાસભ્યથી ડરતા હતા ..
- ડરતા ડરતા જણાવતા હતા કે વારંવાર રજુઆત કરવા છતાં અને વર્ષોથી આ પ્રકારે મોડસ ઓપરેન્ડી ચાલતી હોવા છતાં પણ કાર્યવાહી કરીને કોઈ પગલાં લેવામાં આવેલ નથી.
- આથી, દાહોદ જિલ્લાના વિવિધ તાલુકામાં રાજ ટ્રેડર્સ, એન.જે.એન્ટરપ્રાઈઝ અને રાજ કન્ટ્રકશનને મનરેગા યોજના હેઠળ આપવામાં આવેલ કામગીરીની સ્થળ પર કામ કરવામાં આવેલ છે તે એકદમ બોગસ અને કામ ફક્ત દેખાવ પૂરતું કર્યું હોય તેવું જણાતું હતું
- કુઆ ગામે માટીમેટલ રસ્તા કુલ ૪૪ ૨૨તા બનાવામાં આવેલ છે. જેની અંદાજિત લંબાઈ ૧૭ કી.મી. જેટલી થાય છે. રેઢાણા ગામે ૩૩ રસ્તા અંદાજિત ૧૩ કી.મી. લંબાઈના કરવામાં આવેલ છે. તેવું બતાવેલ છે. જેમાં મોટાભાગના રસ્તા બે—બે વાર વહીવટી લઈ મંજુર કરવામાં આવેલ છે તેવું નગરીઓકો જણાવતા હતા અને આ કામો



Scanned with OKEN Scanner

માત્ર ૩ વર્ષમાં એટલે કે, સરપંચની જગ્યાએ વહીવટદાર આવતાની સાથે કૂઆ અને રિઢાણા ગામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ છે.



- નાગરિકોને પૂછતા એ જણાવ્યૂ હતું કે  કેટલાક ચેકડેમો પણ બનાવવામાં આવેલ નથી. આ તમામ નાણાં શ્રી રાજ ટ્રેડર્સ, ધાનપુરના માલિક શ્રી કિરણભાઈ બચુભાઈ ખાબડના ખાતામાં ગયેલ છે. અને કિરણભાઈ ખાબડ જે મંત્રીશ્રી બચુભાઈ ખાબડનો પુત્ર છે. આ એજન્સીમાં રાજ ટ્રેડર્સમાં નાણાંપંચની રકમ પણ મોટાભાગના ગામોમાં ઉચાપત કરવામાં આવેલ છે.

- નાગરિકોને કહ્યું  હતું સરપંચોને પણ ખબર નથી અને ધાક ધમકી આપી કરોડો રૂપિયાની વહીવટી લઈ કામ કર્યા વગર  વિના બારોબાર પેમેન્ટ લઈ લીધેલ છે.
- આમ, નાગરિકોએ માંગણી કરી  હતી કે નરેગા યોજનામાં શ્રી રાજ ટ્રેડર્સને ચુકવેલ વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૫ સુધીના ગામવાર કયા કામની કેટલી રકમ ચુકવેલ છે ? અને જે તે કામ સ્થળ પર થયેલ છે કેમ? તેની સ્થળ તપાસ કરવામાં આવે તો આશરે કરોડોનો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે.
- આમ, કુવા, રેઢાણા તેમજ અનેક ગામોમાં ભષ્ટાચાર આચરેલ છે. અગાઉ પણ માનનીય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ દ્વારા ૩૩૯ ચેકડેમ બારોબાર બનાવ્યા વગર ભ્રષ્ટાચાર કરેલ હોવાથી ફરીયાદ થયેલ હતી. તે અંગે પૂછતા ગામલોકોને પણ ખબર નથી.



Scanned with OKEN Scanner

- દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના શ્રી રાજ કન્ટ્રકશન દ્રારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં અનેક ગામોમાં માં કરોડા રૂપિયાનો વહીવટી લઈ અને વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૫ સુધીમાં શ્રી રાજ કન્ટ્રકશનના માલિક શ્રી બળવંતભાઈ બચુભાઈ ખાબડ જેઓ શ્રી બચુભાઈ ખાબડનો પુત્ર છે.

- જેમાં પણ શ્રી રાજ કન્ટ્રકશન ધ્વારા કરોડોનો  ભ્રષ્ટાચાર કરેલ છે. આમ, બન્ને પુત્રો અલગ–અલગ તાલુકામાં કામ કરે છે તે કામ બતાવો. તમે કામ કર્યા છે તે ધાનપુરની તમામ ગામોની તપાસ કરે ઉચ્ચલેવલે થાય તો ૧૫૦ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર મળશે.

- ખૂબ ગંભીર બાબત એ હતી કે ગામ લોકોને ખબર પણ નથી. તથા નાનીસિંચાઈ યોજનામાં તળાવ ઉંડું કરવાના કામ, જેમાં એક પણ તળાવ ઉંડું કરેલ નથી. નહેર સુધારણા, નવા ચેકડેમ, હેન્ડપંપ, બોર આ તમામ કામોની ચુકવણું શ્રી રાજ કન્ટ્રકશનના માલિક બળવંતભાઈ ખાબડને કરેલ છે. તેની તપાસ કરવામાં  આવે તેવી માંગી ત્મામાં નાગરિકો કહી રહ્યા હતા.

- ડરતા ડરતા અમુક નાગરિકોએ જણાવ્યુ કે હાલ અનેક ગામોમાં કિરણભાઈ ખાબડ અને બચુભાઈ ખાબડ દ્રારા ગામલોકોને અંધારામાં રાખી વર્કકોડ પાડી ભ્રષ્ટાચાર કરેલ છે .





Scanned with OKEN Scanner

# અહેવાલનું વિશ્લેષણ; નિષ્કર્ષ: ભલામણો

## (Analysis of reports; Conclusion: Recommendations)

**કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિમંડળે દેવગઢ બારીયા,ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કુઆ, ઢેલાણા અને નાડાતોડ ગામના કામોમાં 100 કરોડના ભ્રષ્ટાચાર અંગે મુલાકાતમાં ચોકાવનારા તારણો.**

મનરેગા યોજના હેઠળ ગરીબ પરીવારના સભ્યોને રોજગારી મળે અને સ્થાનિક વિકાસના કામો થાય તે માટે ફાળવવામાં આવતાં નાણા સરકારમાં રાજકીય વગ ધરાવતાં વ્યક્તિઓના પરીવારજનો સ્થાનિક વહીવટી તંત્ર સાથે મળીને સ્થળ પર કામ કર્યા સીવાય નાણા મેળવીને ફક્ત કાગળ પર થયા હોવાની તે રોડ બનાવ્યા વગર નાણા ઉપાડી લેવામાં આવ્યા છે. તે વાત બિલકુલ સાચી ઠરી છે.

મોટાપાયે ભ્રષ્ટાચાર/ગેરરીતિ કરે છે, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

- ભ્રષ્ટાચાર કરનાર કોન્ટ્રાકટર કંપનીઓ શ્રી રાજ ટ્રેડર્સ ના માલિક શ્રી કિરણભાઈ બચુભાઈ ખાબડ અને બીજી કંપની શ્રી રાજ કન્ટ્રકશનના માલિક શ્રી બળવંતભાઈ બચુભાઈ ખાબડ જે બંને કંપનીના માલિકો પંચાયત મંત્રી શ્રી બચુભાઈ ખાબડના પુત્રો  છે શ્રી બચુભાઈ ખાબડ પંચાયત મંત્રી હોવાથી તેની સત્તાનો દુરુપયોગ કરી અને સીધેસીધો તેના પુત્રોને ફાયદો કરાવવા નાણાં ચુકવેલ છે. આ એક જોવા જેવી વાત છે.
- આ બાબતે તમામ ગામના કામો ની તપાસ થાય અને  ચૂકવેલ નાણાંની તપાસ કરવી જોઈએ
- સ્થાનિકો દ્વારા વારંવાર રજુઆત કરવા છતાં અને વર્ષોથી આ મોડસ ઓપરેન્ડી ચાલતી હોવા છતાં પણ કાર્યવાહી કરીને કોઈ પગલાં લેવામાં આવેલ નથી.
- રોડના કામમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. તે વાત દેખાય છે. આ ત્રણે ગામોમાં આરસીસી રોડ બન્યા જ નથી. હોવાનો મુદ્દો સૌ કોઈ જાણે છે લોકલ સમાચાર પત્રોએ પણ નોંધ લીધેલ છે,અને નાગરિકોએ સોંગંદનામું માં રજૂ કરેલ છે.

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં મંત્રીના પુત્રોની એજન્સીઓના નામે અંદાજે રૂ. ૧૦૦ કરોડ કરતાં વધારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો કુવા ગામે માટીમેટલના કુલ 44 રસ્તા બનાવામાં આવેલ છે. જેની અંદાજિત લંબાઈ 17કી.મી. જેટલી થાય છે. રેઢાણા ગામે 33 રસ્તા અંદાજિત 13કી.મી. લંબાઈના કરવામાં આવેલ છે. તેવું બતાવેલ છે. જેમાં મોટાભાગના રસ્તા બે-બે વાર વહીવટી લઈ મંજુર કરવામાં આવેલ છે તેવું જણાય છે.

- અને આ કામો માત્ર ૩ વર્ષમાં એટલે કે, સરપંચની જગ્યાએ વહીવટદાર આવતાની સાથે કુવા  તથા રિઢાણા ગામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ છે. કેટલાક ચેકડેમો પણ બનાવવામાં આવેલ નથી. આ તમામ નાણાં શ્રી રાજ ટ્રેડર્સ,માલિક શ્રી કિરણભાઈ ખાબડના જે મંત્રીશ્રી બચુભાઈ ખાબડનો પુત્ર ખાતામાં ગયેલ છે. આ એજન્સી રાજ ટ્રેડર્સમાં નાણાંપંચની રકમ પણ મોટાભાગના ગામોમાં ઉચાપત કરવામાં આવેલ છે.તેવી માહિતી લોકોએ આપી હતી



Scanned with OKEN Scanner

- શ્રી રાજ કન્ટ્રકશન દ્વારા મનરેગા-રોજગાર ગેરંટી યોજનામાં અનેક ગામોમાં કરોડો રૂપિયાની વહીવટી લઈ અને વર્ષ 2019 થી 2025 સુધીમાં શ્રી રાજ કન્ટ્રકશન અને શ્રી રાજ ટ્રેડર્સને ગામ વાર ચુકવેલ કયા કામની કેટલી રકમ ચુકવેલ છે ? અને જે તે કામ સ્થળ પર થયેલ છે કેમ? તેની સ્થળ તપાસ કર વામાં આવે તો કરોડથી વધુનો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. તે ખુલ્લો પડી શકે.
- સ્થળ પર કામ નહી કરીને બારોબાર રૂપિયા ઉપાડેલ નરેગા યોજનામાં એ.પી.ઓ. તરીકે ફરજ બજાવતો દિલીપસિંહ તેમનો ભાણો થાય છે. તે માહિતી મળેલ છે
- અગાઉ પણ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ દ્વારા 339 ચેકડેમ બારોબાર બનાવ્યા વગર ભ્રષ્ટાચાર કરેલ હોવાથી ફરીયાદ થયેલ હતી. તે અંગે ગામ લોકોને પણ ખબર નથી.
- ધાનપુરની તમામ ગામોમાં કામ કર્યા છે તેની તપાસ કરે ઉચ્ચ લેવલે થાય તો 100 કરોડથી વધુનો ભ્રષ્ટાચાર મળશે. ગરીબોના નામે કરોડો રૂપિયાની ઉચાપત કરેલ છે. ગામ લોકોને ખબર પણ નથી. તથા નાની સિંચાઈ યોજનામાં તળાવ ઉંડું કરવાના કામ, જેમાં એક પણ તળાવ ઉંડું કરેલ નથી.
- નહેર સુધારણા,નવા ચેકડેમ,હેન્ડપંપ,બોર આ તમામ કામોની ચુકવણું શ્રી રાજ કન્ટ્રકશનના માલિક બળવંતભાઈ ખાબડને કરેલ છે. તેની તપાસ કરવામાં આવે તો ભ્રષ્ટાચાર સાબિત થઈ શકે તેમ છે.
- હાલ અનેક ગામોમાં કિરણભાઈ ખાબડ અને બચુભાઈ ખાબડ દ્વારા ગામલોકોને અંધારામાં રાખી વર્કકોડ પાડી અને વહીવટી બારોબાર મેળવેલ છે.
- દેવગઢબારીઆ તાલુકામાં જો વીજીલન્સ તપાસ કે પછી સી.બી.આઈ.ની તપાસ આપવામાં આવે તો મોટા ભાગના ગામોમાં શ્રી રાજ ટ્રેડર્સના માલિક કિરણભાઈ બચુભાઈ ખાબડ દ્વારા ઉચાપત કરેલ છે. જેથી સરપંચોને પણ ખબર નથી અને ધાક ધમકી આપી કરોડો રૂપિયાની વહીવટી લઈ કામ કરીયા વિના બારોબાર પેમેન્ટ લઈ લીધેલ છે.
- આથી, દાહોદ જિલ્લાના વિવિધ તાલુકામાં રાજ ટ્રેડર્સ, એન. જે. એન્ટરપ્રાઈઝ અને રાજ કન્ટ્રકશનને મનરેગા યોજના હેઠળ આપવામાં આવેલ કામગીરીની સ્થળ પર કામ કરવામાં આવેલ છે કે કેમ તે માટે SIT બનાવી/વીજીલન્સની ટીમ બનાવીને તપાસ કરાવીને એજન્સીઓ સામે અને જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરના પગલાં લેવા યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ છે.

1.ડો. પ્રભાબેન તાવિયાડ (પૂર્વ સંસદસભ્ય)

2. શ્રી ગુલાબસિંહ ચૌહાણ ધારાસભ્ય)

3.શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (પૂર્વ ધારાસભ્ય)

4. શ્રી નરેન્દ્ર રાવત (પ્રદેશ પ્રવક્તા)

## A fact-finding Committee Members



Scanned with OKEN Scanner

Appendix તપાસ કરાવીને એજન્સીઓ સામે અને જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરના પગલાં લેવા યોગ્ય કાર્યવાહી કરવાજુદી -જુદી એફીડેવીટ સાથે મને મળેલ રજૂઆતોની નકલો

**News Paper Reports**

૬ સાંધ્ય પ્રકાશ દાહોદ બુધવાર ૨૯ જાન્યુઆરી - ૨૦૨૫

# કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે લીધેલી મુલાકાતમાં ચોંકાવનારા તારણો

## દેવગઢ બારીયાના ત્રણ ગામોમાં રોડ બન્યા જ નથી અને બીલો મંજૂર કરી નાણાં ઉપાડી લેવાયા છે : નરેન્દ્ર રાવત



પ્રકાશ ન્યુઝ દાહોદ તા. ૨૮ દેવગઢ બારીયા તથા ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં ૧૦૦ કરોડના ભ્રષ્ટાચાર અંગે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ પ્રતિનિધિ મંડળે કુઆ, ઢેલાણા અને નાડાતોડ ગામની મુલાકાત લીધી હતી. મનરેગાના કામો ફક્ત કાગળ પર થયા હોવાની ચોંકાવનારી વિગતો મળી હતી. દાહોદ જિલ્લાના દેવગઢબારિયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં મંત્રીના પુત્રોની એજન્સીઓના નામે અંદાજે રૂપિયા ૧૦૦ કરોડ કરતાં વધારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો મુદ્દો વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. જેના અનુસંધાને કોંગ્રેસ પક્ષ દ્વારા વરિષ્ઠ આગેવાનોનું એક પ્રતિનિધિ મંડળ દેવગઢબારિયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર અંગે તપાસ અને સ્થળ મુલાકાત કરી હતી. જેમાં ડૉ. પ્રભાબેન તાવિયાડ, ગુલાબસિંહ ચૌહાણ, ગરબાડાના માજી ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા, તથા કોંગ્રેસના પ્રવક્તા નરેન્દ્ર રાવતનો સમાવેશ થયો હતો. ઉક્ત પ્રતિનિધિ મંડળ સાથે જિલ્લા પ્રમુખ, દેવગઢ બારિયા કોંગી પ્રમુખ વિરલસિંહ ચૌહાણ, તાલુકા પ્રમુખ દીપક ગોસ્વામી, કા. પ્રમુખ રાજેશ રાવલ, ગુજરાત પ્રદેશ સોશિયલ મીડિયાના વાઈસ ચેરમેન અનુજ નગરશેઠ વગેરેએ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર અંગે તપાસ અને સ્થળ મુલાકાત કરી હતી. અને તપાસ અને સ્થળ મુલાકાતનો અહેવાલ તેઓ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલને સુપરત કરશે. કોંગ્રેસના પ્રવક્તા અને પ્રતિનિધિ મંડળના સભ્ય નરેન્દ્ર રાવતે અમારા પ્રતિનિધિ સાથેની

__આ મામલે મંત્રી બચુભાઈ ખાબડનો ખુલાસો: અગાઉ પણ આ જ પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. ચૂંટણી આવે એટલે આક્ષેપ કરી પ્રજાને ગેરમાર્ગે દોરવામાં આવે છે. કોંગ્રેસના મોવડી મંડળના પ્રતિનિધિઓ દેવગઢબારિયા તાલુકા વિસ્તારનાં ગામડાની અંદર ચકાસણી માટે આવ્યા હતા. તેમાં તે લોકોએ સ્થળ પર રસ્તા જોયા છે અને કામો પણ જોયા છે. જનતાએ તેમને જવાબ આપ્યો છે. તે વાત કેટલી સાચી છે તે એમને ખબર છે. નરેગા યોજના એ કોન્ટ્રાક્ટની યોજના છે. જે કોઈને કોન્ટ્રાક્ટ આપતી જ નથી. તે કામ આધારિત લેબર માટે કામ કરતી યોજના છે. અને મારો કોઈ છોકરો કોન્ટ્રાક્ટના રસ્તા બનાવવાનું કામ કરતો નથી.__

ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે મંગળવારે દેવગઢબારિયા અને ધાનપુર તાલુકાના ત્રણ ગામોની મુલાકાત લીધી હતી. આ ત્રણે ગામોમાં મનરેગા યોજના હેઠળ જે રોડ મંજૂર કરવામાં આવ્યા હતા તે રોડ બનાવ્યા વગર નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે. તે વાત બિલકુલ સાચી ઠરી છે. આ ત્રણે ગામોમાં આરસીસી રોડ બન્યા જ નથી. આજની તારીખે આ ગામોમાં મોટા વાહન સિવાય કાર પણ જઈ શકે તેવી પરિસ્થિતિ નથી. કાચા રસ્તા ઉપર એટલા મોટા મોટા ખાડા છે કે, જો પ્રસુતાને લઈને નીકળે તો માર્ગ ઉપર જ પ્રસુતિ થઈ જાય તેવી પરિસ્થિતિ છે. રોડના કામમાં મોટા ભાગે પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. આ અંગેનો રિપોર્ટ પ્રતિનિધિ મંડળ દ્વારા તૈયાર કરી વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને મોકલવામાં આવશે.

---

## કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે લીધેલી મુલાકાતમાં ચોંકાવનારા તારણો

# દેવગઢ બારિયાના ત્રણ ગામોમાં રોડ બન્યા જ નથી અને બીલો મંજૂર કરી નાણાં ઉપાડી લેવાયા છે : રાવત



(પ્રતિનિધિ) દાહોદ, તા.૨૮

દેવગઢ બારીયા, ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં ૧૦૦ કરોડના ભ્રષ્ટાચાર અંગે કોંગ્રેસ પક્ષનું વરિષ્ઠ પ્રતિનિધિ મંડળે કુઆ, ઢેલાણા અને નાડાતોડ ગામની મુલાકાત લીધી હતી. મનરેગાના કામો ફક્ત કાગળ પર થયા હોવાની ચોંકાવનારી વિગતો મળી હતી. દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં મંત્રીના પુત્રોની એજન્સીઓના નામે અંદાજે રૂ. ૧૦૦ કરોડ કરતાં વધારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો મુદ્દો વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. કોંગ્રેસ પક્ષ દ્વારા વરિષ્ઠ આગેવાનોનું પ્રતિનિધિ મંડળ દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર અંગે તપાસ અને સ્થળ મુલાકાત કરી હતી. જેમા ડો.પ્રભાબેન તાવિયાડ, ગુલાબસિંહ ચૌહાણ માજી ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા અને કોંગ્રેસના પ્રવક્તા નરેન્દ્ર રાવતનો સમાવેશ થયો હતો. ઉક્ત પ્રતિનિધિ મંડળ સાથે જિલ્લા પ્રમુખ, દેવગઢબારિયા કોંગી પ્રમુખ વિરલસિંહ ચૌહાણ, તાલુકા પ્રમુખ દીપક ગોસ્વામી, કા.પ્રમુખ રાજેશ રાવલ, ગુજરાત પ્રદેશ સોશ્યલ મિડિયાના વાઇસ ચેરમેન અનુજ નગરશેઠ વિગેરે દાહોદ જિલ્લાના દેવગઢબારીયા અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર અંગે તપાસ અને સ્થળ મુલાકાત કરી અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલને અહેવાલ સુપ્રત કરશે. કોંગ્રેસના પ્રવક્તા અને પ્રતિનિધિ મંડળના સભ્ય નરેન્દ્ર રાવતે ટેલિફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે મંગળવારે દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકાના ત્રણ ગામોની મુલાકાત લીધી હતી. આ ત્રણેય ગામોમાં મનરેગા હેઠળ જે રોડ મંજૂર કરવામાં આવ્યા હતા અને રોડ બનાવ્યા વગર નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે તે વાત બિલકુલ સાચી ઠરી છે. આ ત્રણે ગામોમાં આરસીસી રોડ બન્યા જ નથી. આજની તારીખે આ ગામોમાં મોટા વાહન સિવાય કાર પણ જઇ શકે તેવી પરિસ્થિતિ નથી. કાચા રસ્તા ઉપર એટલા મોટા મોટા ખાડા છે કે જો પ્રસૂતાને લઇને નીકળે તો માર્ગ ઉપર જ પ્રસૂતિ થઇ જાય તેવી પરિસ્થિતિ છે. રોડના કામમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. આ અંગેનો રિપોર્ટ પ્રતિનિધિ મંડળ દ્વારા તૈયાર કરી વિધાનસભા વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને મોકલવામાં આવશે.



Scanned with OKEN Scanner

# અમિત ચાવડાએ બચુભાઈ ખાબડના પુત્રો સામે 100 કરોડ રૂપિયાના કૌભાંડનો ચિઠ્ઠો ખોલ્યો

» મંત્રીના પુત્રોની મનરેગા કૌભાંડમાં સંડોવણી સામે 'ઓપરેશન ગંગાજળ' હેઠળ તપાસની માંગ

**નવગુજરાત સમય** > ગોધરા

રાજ્યકક્ષાના પંચાયત મંત્રી બચુભાઈ ખાબડના દેવગઢ બારીઆ વિધાનસભા બેઠકના કાર્યક્ષેત્રમા દેવગઢ બારીઆ અને ધાનપુર તાલુકામા મનરેગા યોજનાના કામોમાં ખુદ મંત્રી બચુભાઈ ખાબડના બે પુત્રોની એજનસીઓના નામે અંદાજે ૧૦૦ કરોડ કરતાં વધારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનાં આ વિસ્તારના સ્થાનિક અગ્રણીઓના સોગંદનામાઓ સાથે ગુજરાત વિધાનસભાનાના કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ ગઈકાલે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ "ઓપરેશન ગંગાજળ" હેઠળ રાજ્ય કક્ષાએથી ઉચ્ચ સ્તરીય તપાસોની માંગ કરતાં રાજ્ય સરકારના મંત્રી મંડળ અને વહીવટી તંત્રમા જબરદસ્ત ખડભડાટ પ્રસરી જવા પામ્યો છે.

ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા દ્વારા કરવામાં આવેલી લેખિત રજુઆતમા દેવગઢબારીઆ અને ધાનપુર તાલુકા મા ગરીબો ના નામે મનરેગા યોજના ના કામો માં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે એમાં દેવગઢ બારીયા તાલુકાના કૂવા ગામે અંદાજે ૧૭ કિલોમીટર લંબાઈ ના અને રેઢાણા ગામે અંદાજે ૧૩ કિલોમીટર લંબાઈ ના માટી મેટલના રસ્તાઓ, ચેકડેમો નહેર સુધારણાના, હેડપંપો બોર વિગેરે ના કામો રાજ ટ્રેડર્સ, એન.જે.એન્ટર પ્રાઈઝ અને રાજ કન્ટ્રકશનને આપવામાં આવ્યાં છે આ એજન્સીઓ ના માલિકો દ્વારા મનરેગા યોજનાના કામો કર્યા વગર સ્થાનિક સત્તાધિશો સાથે મળી ને અંદાઝે ૧૦૦ કરોડ રૂપિયા કરતાં વધારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે ત્યારે દેવગઢ બારીઆ બેઠકના બહાર આવેલા મનરેગા યોજનાના કરોડો રૂપિયાના કૌભાંડની તપાસો માટે S.I.T. ની વિજીલન્સ ટીમ દ્વારા તપાસો કરાવીને ઈજારદાર એજન્સીઓ અને જવાબદાર અધિકારી ઓ સામે સખ્ત કાયદેસર કાર્યવાહી ઓ હાથ ધરવાની માંગ કરાતા દેવગઢ બારીઆ બેઠક મા પુનઃવધુ એક મનરેગા કૌભાંડ નુ ભૂત ધુણતા આ કૌભાંડે ગાંધીનગર ને પણ હચ મચાવી મૂકતો માહોલ સર્જાયો છે એટલા માટે કે જે ઈજારદાર એજન્સીઓ નામે કરોડો રૂપિયાના કૌભાંડના સોગંદનામાઓ સાથે આક્ષેપો કરાયા છે એમા રાજ્ય કક્ષાના મંત્રી બચુભાઈ ખાબડ ના બે પુત્રો કિરણભાઈની રાજ ટ્રેડર્સ અને રાજ કન્સ્ટ્રકશન ના માલિક બળવંતભાઈ હોવાનાં ચોંકાવનારા ઉલ્લેખો કરાયા છે.

---

**ગુજરાત** હેડલાઇન NEWS

# દાહોદની મનરેગા યોજનામાં 100 કરોડનો ભ્રષ્ટાચાર : અમિત ચાવડા

## સ્થાનિક મંત્રીના આશીર્વાદથી ભ્રષ્ટાચાર થતો હોવાથી પગલાં લેવાતા નથી



**હેડલાઈન | દાહોદ**

દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં થયેલા ભ્રષ્ટાચાર મુદ્દે વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આજે ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે જેનો એક દાખલો ફરિયાદ લઈને રાજ્યના મંત્રીના પોતાના વિસ્તારના, દેવગઢ બારિયાના સ્થાનિક લોકો રજૂઆત કરવા પહોંચ્યા છે.

અમિત ચાવડાએ જણાવ્યું કે બધા જ લોકોએ એફિડેવિટ કરી, સોગંદનામું રજૂ કરીને પોતાની રજૂઆત આપી છે કે મનરેગા યોજનામાં દાહોદ જીલ્લાના દેવગઢ વરિયા તાલુકામાં 100 કરોડ કરતાં વધારે રકમનો ભ્રષ્ટાચાર થયો છે. આ મામલે તપાસ થવી જોઈએ અને જવાબદારો સામે પગલાં લેવા જોઈએ એવી માંગણી લઈને અરજદારો આવ્યા છે.

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયાના કુવા ગામે એક જ ગામમાં 44 જેટલા રસ્તા મનરેગા યોજનામાં મંજૂર કરવામાં આવે છે. જેની અંદાજિત લંબાઈ ૧૭ કિ.મી. જેટલી છે. એ જ રીતે બીજા રેઢાણા ગામમાં 33 રસ્તા મંજૂર કરવામાં આવ્યા, જેની અંદાજિત લંબાઈ 13 કિ.મી. છે. આ બધા જ કામોમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

અમિત ચાવડાના આક્ષેપ મુજબ એફિડેવિટમાં રજૂ કર્યા મુજબ લગભગ 47 લાખના કામો છે. જેમાં કામ મંજૂર કરવામાં આવે છે, પણ સ્થળ ઉપર એક પણ રૂપિયાનું કામ થતું નથી. બારોબર બીલ લખવામાં આવે છે, પૈસા ચૂકવી દેવામાં આવે છે, અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે. છેલ્લા ત્રણ વર્ષથી સતત સ્થાનિક લોકો દ્વારા રજૂઆત કરવા છતાં ભ્રષ્ટાચાર અટકતો નથી. ભ્રષ્ટાચારને રોકવા માટે સરકાર તરફથી કોઈપણ કડક કાર્યવાહી થતી નથી કારણે ત્યાં સ્થાનિક મંત્રીના આર્શીવાદથી ભ્રષ્ટાચાર ચાલે છે, એવો સ્થાનિકોનો સ્પષ્ટ આક્ષેપ છે.

આક્ષેપ મુજબ ચેક ડેમના કામો, માટી મેટલ, રસ્તાના કામો, તળાવ ઊંડા કરવાના કામો, નહેરોની સુધારણાના કામો, હેન્ડપંપ અને બોરના કામો, આ બધા કામોમાં ત્રણ એજન્સીઓ મટીરિયલ સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ લે છે. એમાં 1. રાજ ટ્રેડર્સ, 2. રાજ કન્સ્ટ્રકશન, 3. એન. જે. એન્ટરપ્રાઈઝ, આ ત્રણેય એજન્સીઓના વહીવટકર્તાઓ અને માલિક છે. જેની તપાસ કરીએ તો મંત્રીના અંગત, નજીકના, પરિવારના લોકો છે.

સ્થાનિક લોકોએ એફિડેવિટ દ્વારા કહ્યું છે કે આ ત્રણ એજન્સીઓના નામે બીલ બને છે, આ ત્રણ એજન્સી સ્થળ ઉપર એકપણ રૂપિયાનું કામ કર્યા સિવાય બારોબાર પૈસા ઉપાડી લે છે. જ્યારે એની સામે ફરિયાદ કરવામાં આવે છે તો રાજકીય પીઠબળ હોવાને કારણે, આખી સરકાર તેમાં સામેલ હોવાને કારણે કોઈપણ જાતના પગલાં લેવાતા નથી.

**કોંગ્રેસની વિજિલન્સ તપાસની માંગણી**

સરકાર પાસે કોંગ્રેસે માંગણી કરી છે કે છેલ્લા ત્રણ વર્ષમાં 100 કરોડ કરતાં વધારેનો ભ્રષ્ટાચાર થયો છે. આખા દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર ચાલે છે. તે અંગે વારંવાર પુરાવાઓ સાથે રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ તપાસ કે કાર્યવાહી થઈ નથી. તે તમામ કામોની, એસ.આઈ.ટી. બનાવીને વિજીલન્સ દ્વારા તપાસ કરવામાં આવે અને જે પણ જવાબદાર લોકો હોય એની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે એવી માંગણી કરીએ છીએ. કોંગ્રેસ પક્ષ તરફથી પણ જે કામો કર્યા સિવાય કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. તેની તપાસ કરવા માટે કમિટી બનાવીને મોકલવામાં આવશે અને સરકાર તપાસ નહીં કરે તો બિનરાજકીય રીતે સામાજિક સંગઠનોને જોડીને તપાસ કરાવીને ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવામાં આવશે.



Scanned with OKEN Scanner